ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને યોજનાઓ માટે રૂ.૮૧૬૬.૬૬ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૨૦-૨૧

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૮/ન.બા.-૬૭/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨/૦૩/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૦૮/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૧૨/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૬/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૦૨૦-૨૧/૩૦૨-૩૦૩

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે લોન/સહાય યોજનાઓની ગ્રાન્ટ પેટે કરવામાં આવેલ રૂ.૫૦૦.૦૦ કરોડ (અંકે રૂપિયા પાંચસો કરોડ પૂરા) ની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના સુધારેલ અંદાજો મુજબ નિગમની લોન/ યોજનાઓ માટે મૂળ જોગવાઇ રૂ.૫૦૦૦૦.૦૦ લાખ સામે સુધારેલ જોગવાઇ રૂ.૪૧૬૫૬.૦૦ લાખ કરવામાં આવેલ છે. જે પૈકી વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) પરના આ વિભાગના ઠરાવથી નિગમને લોન/સહાય યોજનાઓની ગ્રાન્ટ પેટે અનુક્રમે રૂ.૧૮૩.૩૩ કરોડ અને રૂ.૧૫૧૫૬.૩૪ લાખ ફાળવવામાં આવેલ છે. આમ, નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં સુધારેલ જોગવાઇ

(P.T.O)

રૂ.૪૧૬૫૬.૦૦ લાખ પૈકી અત્યાર સુધી કુલ રૂ.૩૩૪૮૯.૩૪ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ બાકી રહેતી રૂ.૮૧૬૬.૬૬ લાખની લોન/સહાયની ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન/સહાયની યોજનાઓ માટે રૂ.૮૧૬૬.૬૬ લાખની (અંકે રૂપિયા એક્યાસી કરોડ છાસઠ લાખ છાસઠ હજાર પૂરા) ગ્રાન્ટ સદરહુ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) ઉપર્યુક્ત લોનની રકમની ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગેની ચૂકવણીની વિગતો તૈયાર કરી નાણાં વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર- ૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૭) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

(૯) સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(P.T.O.)

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૧) સિલેકટ ફાઇલ